# ગાંધીનગર મનપાની વેબસાઈટ હેક કરાઈ

## તંત્રએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગર પાલિકાની સત્તાવાર વેબસાઈટ તુર્કી હેકર્સ દ્વારા હેક કરી તુર્કી ભાષામાં સંદેશો મુકી દેવામાં આવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની વેબસાઈટ વિદેશી તત્વો દ્વારા હેક થતાં પ્રશાસન ચોંકી ઉઠ્યું છે. મનપા પ્રશાસને આ અંગે સાઈબર ક્રાઈમમાં ગુનો પણ નોંધાવ્યો છે.

ગાંધીનગર મનપા દ્વારા આઈ.ટી. એક્સપર્ટની ટીમ કામે લગાડાઈ હતી. મનપાના સત્તાવાર સૂત્રોએ જણાવ્યુ હતુ કે મનપાની વેબસાઈટ હેક કરવાનું કૃત્ય આય્લડીઝ નામના હેકર ગૃપે કર્યુ હતુ અને વેબકન્ટેન્ટમાં તેમણે પોતાની ડિટેઈલ મુકી દીધી હતી. મનપા દ્વારા આઈપીને ડોમેઈનથી અર્નાલિન્ક કરી દેવાયુ હતુ તથા આઈપી પર બેકઅપ ખસેડવામાં આવ્યો હતો. જો કે બીજા આઈપી એડ્રેસને પણ હેક કરી દેવાયુ હતુ.

આ મામલે વધુ તપાસ કરવા માટે તંત્ર દ્વારા સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ગાંધીનગર મનપાની વેબ સાઈટ પર તુર્કી ભાષામાં લખાણ મારફતે સંદેશો આપવામાં આવ્યો હતો કે 'તમને આય્લડીઝ ટીમે આંતરરાષ્ટ્રીય ટીમ' દ્વારા હેક કરવામાં આવ્યા છે. જુલમ સે અબ તક છૂટ ચૂકે લોગો કા ભવિષ્ય ભયાનક હોગા, તુર્કી કે મિત્ર બનો શત્રુ મત બનો વિગેરે પ્રકારનું લખાણ લખીને ચેતવણી પણ આપવામાં આવી હતી. મનપાના હોમપેજ પર ધમકીભર્યો મેસેજ મુકવાની સાથે તેની તમામ વિગતો હાઈડ કરી દેવાઈ હતી. ઈન્ટરનેશનલ ફોર્સ યુનિટ કમાન્ડ યુનિટ તરીકે પોતાની ઓળખ આપીને હેકર્સે તુર્કી ભાષામાં સંદેશો લખ્યો હતો.

# કોરોના મૃતક સહાય માટે અરજી ફોર્મ લઈ જનારાઓની સંખ્યા હજારને પાર

## ૫૯ અરજદારોને સહાય ચુકવવાની કામગીરી અંતિમ તબક્કામાં, આજે વધુ ૭૧ ફોર્મ ભરાઈને પરત આવ્યા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં કોરોનાથી મૃત્યુ પામેલા દર્દીઓના સ્વજનો સહાય મેળવવા દોડાદોડ કરી રહ્યા છે. જિલ્લામાં આજે વધુ ૩૭૯ સ્વજનો આ સહાય મેળવવા માટેના ફોર્મ લઈ ગયા છે. આ સાથે આ ફોર્મ લેનારની સંખ્યા એક હજારના આંકને પાર કરી ગઈ છે.

ત્રણ જ દિવસમાં ૧૦૮૪ લોકો આ અરજી ફોર્મ લઈ ગયા છે. સરકાર દ્વારા સત્તાવાર જાહેર કરાયેલ મૃતકોની સંખ્યા કરતાં આ સંખ્યા બમણાથી પણ વધુ છે.

આ સહાય મેળવવા માટે અત્યાર સુધીમાં ૨૩૫ ફોર્મ તેના પુરાવાઓ સાથે તંત્રને પરત મળી ગયા છે. આજે વધુ ૭૧ ફોર્મ ભરાઈને પરત આવ્યા છે. તંત્ર દ્વારા હવે આ મળેલ અરજીઓની ચકાસણીની કામગીરીનો ભરાવો થયો છે.

જો કે તંત્ર દ્વારા આજ સુધીમાં કુલ ૫૯ અરજદારોને સહાય ચુકવવાના આદેશો જારી કરી દેવામાં આવ્યા છે. તંત્ર દ્વારા આ સહાયની રકમ ચૂકવવાની કામગીરી પણ ચાલુ કરી દેવામાં આવી છે.

જિલ્લાને હાલ રૂ. ૧ કરોડ જેટલી રકમ આ સહાય ચુકવા માટે સરકાર દ્વારા છુટી કરવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આજે રવિવારની રજાના દિવસે પણ તંત્રએ તેની જનસેવા કેન્દ્ર સહિતની કચેરીઓ ખુલ્લી રાખી હતી જેથી અરજદારોને કોઈપણ પ્રકારની પરેશાની કે તકલીફનો સામનો ના કરવો પડે. જિલ્લામાં હવે સહાય મેળવવા માટે અરજી ફોર્મ મેળવવા તેમજ તેની આનુસંગિક પ્રક્રિયાને લઈ સ્વજનો સતત દોડી રહ્યા છે.

સહાય માટે બનાવવામાં આવેલી ખાતરી સમિતિની બેઠકોનો દોર એકાદ સપ્તાહ બાદ શરૂ થઈ જશે તેવા સંકેતો મળી રહ્યા છે. ખાત્રી સમિતિની ભલામણ બાદ તંત્ર દ્વારા સહાયની રકમની ચૂકવણીનું કાર્ય આગળ વધશે તેમ જાણવા મળેલ છે.

ગરમ વસ્ત્રોનું બજાર ગરમ - ઠંડીની વધઘટ વચ્ચે ડિસેમ્બરમાં તીવ્ર ઠંડીના મોજાની આગાહીઓના પગલે ગરમ વસ્ત્રોનું બજાર પણ ગરમ થયું છે... આ વર્ષે ઠંડી મોડી શરૂ થઈ છે... અને માર્ચના ત્રીજા સપ્તાહ સુધી ભારે ઠંડીનો વર્તારો જણાઈ રહ્યો છે... એટલે કે લાંબા સમયથી ઠંડીનો સામનો કરવા માટે શહેરના ગરમ વસ્ત્રોના બજારમાં ગ્રાહકોની અવરજવર વધી છે... પ્રતિ વર્ષ કરતાં આ વર્ષે ગ્રાહકો વિવિધ રંગ અને ડિઝાઈનમાં સ્વેટર, કોટી, ટોપી ખરીદતા નજરે પડે છે.



## રાજ્યમાં કોરોનાના ૨૬ નવા કેસ

ગાંધીનગર, તા.૨૮

રાજ્યમાં આજે કોરોનાના ૨૬ નવા કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૩૩ દર્દીઓ સાજા પણ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૭,૦૩૨ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ વધીને ૯૮.૭૫ ટકાએ પહોંચ્યો છે.

તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં સાંજ સુધીમાં કુલ ૧,૪૩,૦૫૦ રસીના ડોઝ આપવામાં આવી ચુક્યાં છે.

જો રાજ્યની કોરોનાની હાલની સ્થિતિ અંગે વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૮૪ દર્દીઓ એક્ટિવ છે. જે પૈકી ૦૪ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૨૮૦ નાગરિકો સ્ટેબલ છે. ૮,૧૭,૦૩૨ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. કોરોનાને કારણે અત્યાર સુધીમાં કુલ ૧૦૦૯૨ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર છે કે, આજે કોરોનાને કારણે એક પણ વ્યક્તિનું મોત નથી થયું.

વડોદરા કોર્પોરેશનમાં ૬, કચ્છમાં ૫, સુરત કોર્પોરેશનમાં ૫, અમદાવાદ કોર્પોરેશનમાં ૪ ઉપરાંત અમદાવાદ, ભાવનગર, ગીર સોમનાથ, નવસારી, પોરબંદર અને વડોદરામાં ૧-૧ કેસ નોંધાયા છે.

# શહેરના સેન્ટ્રલ વર્જમાં ઠેર ઠેર ગાબડા દુર કરી વાઈબ્રન્ટ લુક અપાશે

## ફુટપાથ, મુખ્યમાર્ગો સહીત સેન્ટ્રલ વર્જની પણ સુંદરતા નિખરે તે માટે રંગરોગાન તેમજ પ્લાન્ટેશનની કામગીરી હાથ ધરાશે




ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. નગરની ફુટપાથ અને માર્ગોનુ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે સર્કલોની જાળવણી માટે પણ લાંબા સમયના અંતે જવાબદાર સંસ્થાઓને સુચના આપી દેવામાં આવી છે. જયારે માર્ગ વચાળે સ્થિત સેન્ટ્લ વર્જમાં છેલ્લા ઘણાં સમયથી ઠેર ઠેર ભંગાણ થયેલુ જોવા મળે છે. જેના લીધે સેન્ટ્લ વર્જમાં પણ રખડતા ઢોર ઘુસી જાય છે. સર્કલોની જેમાં સેન્ટ્લ વર્જની જાળવણી માટે પણ લાંબા સમયથી કોઈ આયોજન કરાયુ નથી જયારે વાઈબ્રન્ટને અનુલક્ષી સેન્ટ્લ વર્જના ગાબડા દુર કરી તેને પણ વાઈબ્રન્ટ લુક આપવા માટે કામગીરી હાથ ધરાશે.

**સેન્ટ્લ વર્જમાં છેલ્લા ઘણાં સમયથી ઠેર ઠેર ભંગાણ થયેલુ જોવા મળે છે. જેના લીધે સેન્ટ્લ વર્જમાં પણ રખડતા ઢોર ઘુસી જાય છે. સર્કલોની જેમાં સેન્ટ્લ વર્જની જાળવણી માટે પણ લાંબા સમયથી કોઇ આયોજન કરાયુ નથી**

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી ગાંધીનગરને સોહામણુ બનાવવા તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. એકબાજુ શહેરના મુખ્યમાર્ગો સહીત ફુટપાથ અને સ્ટ્રીટ લાઈટના થાંભલાઓને રંગરોગાન તેમજ રીપેરીંગ માટે પણ આયોજન કરી દેવાયુ છે. શહેરના તમામ મુખ્યમાર્ગાને પેચવર્ક કરી ડામરના હળવા લેયર કામથી ચકાચક બનાવાશે. તેમજ થર્મોપ્લાસ્ટ તેમજ કેટ આઈ સહીત રોડ ફર્નિચરનુ કામ પણ હાથ ધરવામાં આવશે. સ્માર્ટ સીટી અન્વયે આમ પણ સેકટરોમાં એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવાનુ કામ ચાલી રહ્યુ છે. આ ઉપરાંત સેકટરોના ઉદ્યાનોનુ પણ નવિનીકરણ કરવામાં આવી રહ્યુ છે. બીજીતરફ વાઈબ્રન્ટ સમિટ નજીક આવતા હવે વિવિધ કામો સહીત શહેરમાં બ્યુટિફિકેશનનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવશે. શહેરના સેન્ટ્લ વર્જને પણ આકર્ષક બનાવવા માટે આયોજન કરાશે. ગત સમિટ દરમિયાન શહેરના સેન્ટ્લ વર્જમાં રંગબેરંગી ફુલો નિખરે તે માટે પણ કામગીરી કરવામાં આવી હતી. જો કે છેલ્લા ત્રણ વર્ષથી સેન્ટ્લ વર્જની જાળવણીનુ કામ પણ હાથ ધરાયુ નથી સર્કલોની જેમ માર્ગ વચાળે સ્થિત ડિવાઈડરના વિસ્તારમાં પણ ગંદકી જોવા મળે છે. સેન્ટ્લ વર્જની રેલીંગ પણ ઠેર ઠેર તુટેલી છે. જયારે ક્રોસ રસ્તાઓ પાસે પણ સેન્ટ્લ વર્જમાં ગાબડા પડયા છે. શહેરમાં ફુટપાથ રીપેરીંગ માટે પણ તંત્રએ મહેનત કરવી પડે તેમ છે. જયારે સેન્ટ્લ વર્જ પણ જાળવણીના અભાવે ખંડેર બનતો જાય છે. વાઈબ્રન્ટને અનુલક્ષી સેન્ટ્લ વર્જને પણ રંગરોગાન કરી ગાબડા પુરવા માટે તંત્ર ઝુંબેશ હાથ ધરશે.

# ગાંધીનગરમાં ૧-૨ ડિસેમ્બરે કમોસમી માવઠાની આગાહી

## ડિસેમ્બરના અંતમાં કાતિલ ઠંડી પડશે : ડિસેમ્બરના અંતમાં કાતિલ કોલ્ડવેવથી ગાત્રો થીજાવતી ઠંડી પડશે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં ઠંડીનો પારો ૫ ડીગ્રી સુધી પહોંચી જશે : અંબાલાલ પટેલ

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી ઠંડી અદ્રશ્ય થઈ ગઈ છે. અલબત્ત શિયાળાની મોસમ હજુ નિખરી નથી. અત્યાર સુધી સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી ૧૧ ડીગ્રી નોંધાઈ છે. જયારે થોડા દિવસો અગાઉ ઠંડીનો પારો ૨૨ ડીગ્રી સુધી પહોંચી જતા નગરજનોએ ઉનાળા જેવી ગરમીનો અહેસાસ કર્યો હતો. આજે પણ લઘુત્તમ તાપમાન ૧૪.૫ ડીગ્રી રહેતા વાતાવરણમા ઠંડીની અસર વર્તાઈ ન હતી. શિયાળાની મોસમ હજુ જામી નથી પરંતુ આગામી ડિસેમ્બર મહીનાના અંતથી જાન્યુઆરીના પ્રારંભે નગરજનોએ કાતિલ કોલ્ડવેવનો સામનો કરવો પડેશે. આગામી ડિસેમ્બર મહીનાના પ્રારંભે કમોસમી માવઠાથી પણ જનજીવન પ્રભાવિત થશે ગાંધીનગર અમદાવાદ સહીત સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાતના ભાગોમાં હવામાન પલ્ટાની અસર વર્તાશે.

જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલના જણાંવ્યા મુજબ દેશના ઉત્તરિય પવર્તીય પ્રદેશોમાં આ વખતે પશ્ચિમી વિક્ષેપ ઘણાં આવ્યા ન હતા. જેથી દેશના ભાગોમાં ઠંડીની અસર વર્તાતી ન હતી. વળી આ વખતે બંગાળના ઉપસાગરમાં વારંવાર છતા હવાના હળવા દબાણ અને અરબી સમુદ્રમાં ભેજના લીધે દેશ સહીત રાજયના ભાગોમાં કમોસમી વરસાદ થયો હતો. હજુ પણ રાજયના ભાગમાં ભારે માવઠા થવાની સંભાવના છે. બંગાળના ઉપસગારમાં થતુ હવાનુ હળવુ દબાણ દક્ષિણ પુર્વીય તટ પર ભારે વરસાદ કે તોફાની વરસાદ લાવી શકે દક્ષિણ ભારતમાં પણ ભારે વરસાદ થાય હવાના હળવા દબાણની અસર અને અરબસાગરમાં થતા ભેજગ્રાહી પવનનો લીધે સૌરાષ્ટ્રના દરિયા કીનારાના ભાગો દક્ષિણ ગુજરાતના ભાગોમાં નવેમ્બર તા ૩૦ થી હવામાનમાં પલ્ટો આવશે અને કમોસમી વરસાદ થશે. તા ૧ અને ૨ ડિસેમ્બર દરમિયાન પંચમહાલના, મધ્યગુજરાત, અમદાવાદ ગાંધીનગર સહીત કચ્છના તટના કેટલાક ભાગો ઉત્તર ગુજરાતમાં પણ મહેસાણા, બનાસકાંઠા, પાટણ , સમી હારીજ, બેચરાજી, કડી, સિધ્ધપુર , વિસનગર , ઉંઝા સહીતના વિસ્તારમાં તેમજ વિરમગામ, સરેન્દ્રનગરના ભાગોમાં કમોસમી

● અનુસંધાન પાન-૭ પર

# ૧૭૯ સરપંચ અને ૧૬૦૬ વોર્ડ પ્રતિનિધિ માટે જિલ્લામાં ૪,૨૭,૮૧૧ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાની ૧૭૯ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ અંગેની પ્રક્રિયાનો આજથી વિધિવત્ આરંભ થશે.

આ ગ્રામપંચાયતોની ચૂંટણી માટે ૫૦૫ જેટલા મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે. આ પંચાયતોની ચૂંટણીમાં ૪.૨૭ લાખથી વધુ મતદારો મતદાન કરી તેમના ગ્રામ પ્રતિનિધિઓ ચૂંટી કાઢશે.

આજે આ અંગે જાહેરનામુ ગ્રામ પંચાયત કચેરી, દૂધ મંડળીની કચેરી, સહકારી મંડળીની કચેરી તેમજ બેંક સહિતના જાહેર સ્થાનો પર પ્રસિદ્ધ કરવામાં આવશે. આ જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે.

ગ્રામીણ વિસ્તારમાં ઉજવાનારા આ લોકશાહી પર્વ માટે ભારે રાજકીય ઉત્તેજનાનો માહોલ છવાયેલો છે. જો કે હજુ ઘણા બધા ગામોમાં સરપંચો અને તેમની પેનલો આખરી થઈ શકી નથી એટલે મંગળવારથી બધા ઉમેદવારીપત્રો ભરશે તેમ મનાઈ રહ્યુ છે.

મંગળવારના રોજ એકાદશીનો દિવસ પણ હોવાથી તેને શુભ ગણવામાં આવે છે. કેટલાક ગામોમાં તો ઉમેદવારી પત્ર ભરવા સાથે ભોજન સમારંભોનું આયોજન પણ ઉમેદવારો દ્વારા કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

## આજે જાહેરનામુ પણ મંગળવારે એકાદશીથી ઉમેદવારો ઉમેદવારી નોંધાવશે તેવા સંકેતો; રોટેશન અને સીમાંકન સામે રોષ

આમ તો આ ચૂંટણીઓને લઈ ગ્રામ્ય વિસ્તારમાં વિવિધ ગૃપોની બેઠકોનો દોર ક્યારથીય શરૂ થઈ ચુક્યો છે.

રાજકીય પક્ષો સીધી રીતે આ ચૂંટણીમાં ઝંપલાવતા નથી પરંતુ પક્ષોના સમર્થકોના હાથમાં સત્તાની લગામ આવે તે માટે આડકતરી રીતે નેતાઓ પણ ગ્રામ્ય વિસ્તારનો પ્રવાસ ખેડી રહ્યા છે. લગ્નસરાની આડાશ લઈ ઉમેદવારોની પસંદગી માટે માર્ગદર્શન આપતા નેતાઓ પણ જોવા મળ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં ૧૬૦૬ વોર્ડ પ્રતિનિધિઓ અને ૧૭૯ સરપંચો ચૂંટાશે. ગાંધીનગર તાલુકામાં ૫૪ સરપંચ અને ૫૧૪ સભ્યો, દહેગામમાં ૮૪ સરપંચ અને ૭૩૪ સભ્યો, કલોલમાં ૧૧ સરપંચો અને ૧૦૨ સભ્યો, માણસામાં ૩૦ સરપંચ અને ૨૫૬ સભ્યોને ચૂંટવામાં આવશે.

ગાંધીનગર તાલુકામાં ૧,૭૬,૦૯૩ મતદારો નોંધાયેલા છે. જેમાં ૮૯,૭૪૧ પુરષ અને ૮૬,૩૫૨ મહિલા મતદારો છે. દહેગામ તાલુકામાં ૮૬,૬૭૯ પુરૂષ અને ૮૩૦૮૧ મહિલા મતદારો મળી ૧,૬૯,૭૬૦ મતદારો નોંધાયેલા છે. કલોલમાં ૧૪૯૦૫ પુરૂષ અને ૧૩,૮૪૪ મહિલા મતદારો મળી ૨૮,૭૪૯ મતદારો નોંધાયેલા છે. જ્યારે માણસામાં ૨૭,૩૯૪ પુરૂષ અને ૨૫,૮૧૪ મહિલા મતદારો મળી ૫૩,૨૦૯ મતદારો નોંધાયેલા છે.

## ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે પંચાયતોનું સીમાંકન થયુ છે. ૨૦૨૧માં મતગણતરી થઈ શકી નથી તેમજ કોરોના મહામારી પછી યોજાઈ રહેલી આ મહાપંચાયત જંગે ગ્રામીણ વિસ્તારમાં ભારે ઉત્તેજના જગાવી છે. આ જંગમાં ઘણા બધા નવા ચહેરાઓ પણ આવશે

આમ આ ચૂંટણીમાં ૨,૧૮,૭૧૯ પુરૂષ અને ૨,૦૯,૦૯૨ મહિલા મતદારો મળી કુલ ૪,૨૭,૮૧૧ મતદારો મતદાન કરશે.

પંચાયતોની વોર્ડ રચનાને લઈ ગ્રામ્ય વિસ્તારમાં રોષ જોવા મળી રહ્યો છે એટલુ જ નહિ બેઠકોના રોટેશનમાં પણ ગડબડો હોવાનો રોષ છે. ૨૮મી ઓક્ટો.ના રોજ મતદારયાદી પ્રસિદ્ધ કરી દેવાઈ હતી.

૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે પંચાયતોનું સીમાંકન થયુ છે. ૨૦૨૧માં મતગણતરી થઈ શકી નથી તેમજ કોરોના મહામારી પછી યોજાઈ રહેલી આ મહાપંચાયત જંગે ગ્રામીણ વિસ્તારમાં ભારે ઉત્તેજના જગાવી છે. આ જંગમાં ઘણા બધા નવા ચહેરાઓ પણ આવશે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

# ગુરૂકુળના નિવૃત્ત શિક્ષક અને લોહાણા સમાજના અગ્રણી અશોક ગણાત્રાનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જલારામ સેવા સમાજના અગ્રણી અને સ્વામિનારાયણ ગુરૂકુળના પૂર્વ શિક્ષક અશોકભાઈ ગણાત્રાનું આજે મોડી રાત્રે દુઃખદ અવસાન થયુ છે.



ગાંધીનગર શહેરમાં શિક્ષક તરીકે આગવી ઓળખ ઉભી કર્યા બાદ તેઓ સેવા નિવૃત થયા હતા. ગાંધીનગર જલારામ સેવા સમાજમાં તેઓ સક્રિય અગ્રણી રહ્યા હતા. તેમણે સામાજિક ક્ષેત્રમાં પણ આગવી ઓળખ ઉભી કરી હતી.

જલારામ મંદિર સે. ૨૯ ના નિર્માણ માટે તેઓએ સક્રિય ભૂમિકા ભજવી હતી. આજે તેમના દુઃખદ અવસાનના સમાચાર શહેરમાં પ્રસરતાં જ શિક્ષણપ્રેમીઓ તેમજ સામાજિક સંગઠનો સાથે સંકળાયેલા અગ્રણીઓમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

અત્યંત સાલસ સ્વભાવ તેમજ પ્રેમાળ વ્યક્તીત્વ થકી તેમણે અનોખી ઓળખ મેળવી હતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com